# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-03-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અભૂતપૂર્વ રીતે વિકાસ કરી રહી છે.
- ✓ ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઇકાલે જાહેરનામું બહાર પાડતા ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.
- ✓ ચૂંટણી પંચે કેન્દ્ર/ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારોને, રેલવે અને એરપોર્ટ સહિતની સરકારી મિલકતો પરથી તમામ અનઅધિકૃત રાજકીય પોસ્ટરો તાત્કાલિક દૂર કરવા જણાવ્યું છે.
- ✓ નેશનલ એલિજિબિલિટી એન્ટ્રન્સ ટેસ્ટ- NEET PG પરીક્ષા હવે 23 જૂને લેવાશે.
- ✓ સ્વિસ ઓપન બેડમિન્ટનમાં, ભારતના કિરણ જ્યોર્જ, કિદાંમ્બી શ્રીકાંત, લક્ષ્ય સેન અને પીવી સિંધુ પ્રી-ક્વાર્ટરમાં પ્રવેશ્યા છે.

## *PM START-UP*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અભૂતપૂર્વ રીતે વિકાસ કરી રહી છે, જે દેશની યુવા શક્તિની નવીન ભાવનાથી સમર્થિત છે.**

**ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બની ગયું છે. હાલમાં ભારતમાં 1 લાખ 25 હજાર નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ સાથે 12 લાખથી વધુ યુવાનો સીધા જોડાયેલા છે. દેશમાં હાલમાં 110 થી વધુ યુનિકોર્ન છે.**

ગઈકાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે 'સ્ટાર્ટઅપ મહાકુંભ'ને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જ્યારે દેશ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના રોડમેપ પર કામ કરી રહ્યું છે, ત્યારે આ સ્ટાર્ટઅપ મહાકુંભ ખૂબ મહત્વનું છે.

શ્રી મોદીએ કહ્યું કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલે ઈનોવેટિવ આઈડિયા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ભારતના યુવાનોએ નોકરી શોધનારને બદલે નોકરી આપનાર બનવાનો માર્ગ પસંદ કર્યો છે. શ્રી મોદીએ કહ્યું કે, નાના શહેરો સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે એ વાત પર ખુશી વ્યક્ત કરી કે હવે કૃષિ, કાપડ, દવા, પરિવહન, અવકાશ, યોગ અને આયુર્વેદમાં પણ સ્ટાર્ટઅપ શરૂ થયા છે. સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતીય સ્ટાર્ટઅપ્સ સ્પેસ શટલ લોન્ચ સહિત પચાસથી વધુ સ્પેસ એરિયામાં કામ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં 45 ટકાથી વધુ સ્ટાર્ટઅપનું નેતૃત્વ મહિલાઓ કરે છે.

..................

## SOUTH KOREA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારતમાં લોકશાહીની પ્રાચીન અને અખંડ સંસ્કૃતિ છે.

દક્ષિણ કોરિયા દ્વારા ગઈકાલે સાંજે સિયોલમાં આયોજિત સમિટ ફોર ડેમોક્રેસીમાં કહ્યું કે સર્વસંમતિ નિર્માણ, ખુલ્લા સંવાદ અને મુક્ત ચર્ચા ભારતના સમગ્ર ઇતિહાસમાં પડઘો પાડે છે.

શ્રી મોદીએ વધુમાં કહ્યું કે હવેથી થોડા અઠવાડિયામાં, વિશ્વ ભારતમાં લોકશાહીના સૌથી મોટા તહેવારનું સાક્ષી બનશે. તેમણે ઉમેર્યું હતું કે એક અબજ મતદારો મતદાન કરવાની અપેક્ષા રાખે છે. આ ઇતિહાસમાં સૌથી મોટી ચૂંટણી કવાયત હશે. તેમણે કહ્યું કે ભારતના લોકો ફરી એકવાર લોકશાહીમાં તેમનો વિશ્વાસ વ્યક્ત કરશે.

..................

## PM-BHUTAN-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભૂટાનની બે દિવસીય મુલાકાતને મોકુફ રાખવામાં આવી છે.

ભૂતાનના પારો હવાઈમથક પર ખરાબ હવામાનના કારણે આ પ્રવાસ મોકુફ રાખવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે બંને પક્ષો દ્વારા મુલાકાતની નવી તારીખો નક્કી કરવામાં આવી રહી છે.

.................

## NEW-LS-POLL-NOTIFICATION

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઇકાલે જાહેરનામું બહાર પાડતા ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પ્રથમ તબક્કામાં તામિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની 5-5 બેઠકો માટે ચૂંટણી યોજાશે જ્યારે બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરુણાચલ પ્રદેશની 2, મણિપુર, મેઘાલય સહિત કુલ 12 રાજ્યોમાં ચૂંટણી યોજાશે.

આ મહિનાની 27 તારીખ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 28મી માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો તેમના નામ પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30 માર્ચ રહેશે. 19મી એપ્રિલે મતદાન યોજાશે.

બિહારમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 28 માર્ચ છે. અહીં 30 માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. ઉમેદવારો 2જી એપ્રિલ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. બિહારમાં 19 એપ્રિલે મતદાન થશે.

આ ઉપરાંત સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશની વિધાનસભામાં ચૂંટણી માટે પણ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ બંને રાજ્યમાં 19 એપ્રિલે મતદાન થશે. 2જી જૂને મતગણતરી હાથ ધરાશે.

.................

## ELECTION COMMISSION

ચૂંટણી પંચે કેન્દ્ર/ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારોને રેલવે અને એરપોર્ટ જેવી સરકારી મિલકતો પરથી તમામ અનઅધિકૃત રાજકીય પોસ્ટરો તાત્કાલિક દૂર કરવા જણાવ્યું છે.

એક પત્રમાં, ચૂંટણી સંસ્થાએ જણાવ્યું હતું કે પંચને વિવિધ ક્વાર્ટરમાંથી ફરિયાદો મળી રહી છે, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે દેશભરમાં ઘણા સ્થળોએ હજુ પણ અનધિકૃત રાજકીય જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવી રહી છે. ચૂંટણીપંચે તમામ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારોને તમામ અનઅધિકૃત રાજકીય જાહેરાતોને તાત્કાલિક દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણીપંચે અનુપાલન રિપોર્ટ આજે સાંજે 5 વાગ્યા સુધી કમિશનને આપવા જણાવ્યું છે.

.................

## *NEET PG*

નેશનલ એલિજિબિલિટી એન્ટ્રન્સ ટેસ્ટ- NEET PG પરીક્ષા હવે 23 જૂને લેવામાં આવશે, અગાઉ તે 7 જુલાઈએ યોજાવાની હતી.

નેશનલ મેડિકલ કમિશને એક નોટિફિકેશનમાં જણાવ્યું છે કે પરીક્ષા આપવા માટે ઇન્ટર્નશિપ પૂર્ણ કરવાની કટ-ઓફ તારીખ અગાઉ 15 ઓગસ્ટ તરીકે નક્કી કરવામાં આવી હતી તે જ રહેશે. 15મી જુલાઈએ પરિણામ જાહેર થશે. 16 સપ્ટેમ્બરથી શૈક્ષણિક સત્ર શરૂ થશે. દરમિયાન, નેશનલ ટેસ્ટિંગ એજન્સી - NTA એ કહ્યું છે કે, લોકસભા ચૂંટણીને કારણે 24 મેના રોજ નક્કી કરવામાં આવેલી NETS પરીક્ષા હવે 11 મેના રોજ લેવામાં આવશે.

.................

## *SWISS OPEN BADMINTON*

સ્વિસ ઓપન બેડમિન્ટનમાં, ભારતના કિરણ જ્યોર્જે ગઈકાલે પુરૂષ સિંગલ્સની પ્રી-ક્વાર્ટરમાં પ્રવેશ કર્યો છે. તેણે પ્રથમ રાઉન્ડમાં જાપાનના તાકુમા ઓબાયાશીને 21-18, 21-19થી હરાવ્યો હતો.

કિદામ્બી શ્રીકાંત અને લક્ષ્ય સેન પણ પુરૂષ સિંગલ્સની પ્રી-ક્વાર્ટર્સમાં આગળ વધ્યા છે. શ્રીકાંતનો મુકાબલો મલેશિયાના ખેલાડી સાથે થવાનો છે, જ્યારે લક્ષ્ય સેન આજે પ્રી-ક્વાર્ટર્સમાં તાઈવાન સામે  મુકાબલો થશે

જ્યારે મહિલા સિંગલ્સમાં, શટલર પીવી સિંધુ આજે બીજા રાઉન્ડમાં જાપાનની તોમોકા મિયાઝાકી સામે રમશે. મહિલા ડબલ્સમાં, તનિષા ક્રાસ્ટો અને અશ્વિની પોનપ્પાની ભારતીય જોડી આજે રુઈ હિરોકામી અને યુના કાટોની જાપાની જોડી સામે રમશે.

.................

## *MIAMI OPEN TENNIS*

મિયામી ઓપન ટેનિસમાં, ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડેન  આવતીકાલે પુરુષ ડબલ્સ કેટેગરીમાં તેના અભિયાનની શરૂઆત કરશે. આ જોડીનો મુકાબલો ઇટાલિયન જોડી સામે થશે. ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડી હાલમાં પુરુષ ડબલ્સ રેન્કિંગમાં ટોચ પર છે.

.................

## *REV IOC-RUSSIA*

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ જાહેરાત કરી છે કે રશિયા અને બેલારુસના રમતવીરો પેરિસ ગેમ્સના ઉદઘાટન સમારોહ અને પરેડમાં ભાગ નહીં લઈ શકે.

કમિટીના ડાયરેક્ટર જેમ્સ મેકલિયોડે કહ્યું કે જે એથ્લેટ તટસ્થ ધ્વજ હેઠળ ગેમ્સમાં ભાગ લેશે તેઓ ઓપનિંગ સેરેમની દરમિયાન પરેડ માં ભાગ લેશે નહીં કારણ કે તેઓ વ્યક્તિગત રમતવીરો છે.

તેમણે કહ્યું કે સમાપન સમારોહમાં આવા ખેલાડીઓની ભાગીદારી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

દરમિયાન, રશિયાના  પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ કહ્યું કે આ પ્રકારનો નિર્ણય ઓલિમ્પિક રમતોની મૂળભૂત ભાવનાને નષ્ટ કરશે.

યુક્રેન પર રશિયાના હુમલા બાદ રશિયા અને બેલારુસના ખેલાડીઓ પર ઘણી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયેલા રશિયા અને બેલારુસના ખેલાડીઓ તેમના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત વિના આ ગેમ્સમાં ભાગ લઈ શકે છે.

.................

## WEATHER

ભારતીય હવામાન વિભાગે હજુ બે દિવસ સુધી ઉત્તરપૂર્વ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડાની ગતિવિધિ સાથે વરસાદની આગાહી કરી છે.

આજે પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં છૂટાછવાયા વાવાઝોડા અને મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે.

.................

## RBI

રિઝર્વ બેંકે તમામ બેંકોને સલાહ આપી છે કે તેઓ 31મી માર્ચ, રવિવારના રોજ સરકારી વ્યવસાય સાથે વ્યવહાર કરતી તેમની તમામ શાખાઓ ખુલ્લી રાખે.

જેથી વર્તમાન નાણાકીય વર્ષમાં જ રસીદો અને ચૂકવણીઓ સંબંધિત તમામ સરકારી વ્યવહારોનો હિસાબ મળી શકે. આરબીઆઈએ વધુમાં બેંકોને આ દિવસે બેંકિંગ સેવાઓની ઉપલબ્ધતા વિશે યોગ્ય પ્રચાર કરવા પણ જણાવ્યું છે.

.................

## BALOCHISTAN KILLED

પાકિસ્તાનના, બલૂચિસ્તાન પ્રાંતમાં ગ્વાદર પોર્ટ ઓથોરિટી સંકુલમાં ગઈકાલે થયેલી અથડામણમાં આઠ આતંકવાદીઓ અને બે સુરક્ષા કર્મીઓ માર્યા ગયા છે

ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ ગ્વાદર સંકુલમાં બળજબરીપૂર્વક પ્રવેશવાનો પ્રયાસ કરતા  લડાઈ શરૂ થઈ.. બંદર સંકુલમાં ઘૂસવાનો પ્રયાસ કરતા હુમલાખોરો માર્યા ગયા હતા. લડાઈમાં  બે સૈનિકો પણ શહીદ થયા હતા. પ્રતિબંધિત બલૂચિસ્તાન લિબરેશન આર્મીના માજીદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદે આવેલ બલુચિસ્તાનમાં લાંબા સમયથી હિંસક બળવો ચાલી રહ્યો છે. બલૂચ વિદ્રોહી જૂથોએ અગાઉ ચાઇના-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC) પ્રોજેક્ટને નિશાન બનાવીને અનેક હુમલા કર્યા છે. CPECના નેજા હેઠળ હજારો ચીની કામદારો પાકિસ્તાનમાં ઘણા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે.

બલૂચિસ્તાન લિબરેશન આર્મી બલૂચિસ્તાનમાં ચીનના રોકાણનો વિરોધ કરી રહ્યા છે

.................

## *ASSAM POLICE*

આસામ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ગઈકાલે ધુબરી ખાતે ISISના વડા હારીસ ફારૂકી સહિત એકની ધરપકડ કરી છે.

આસામ પોલીસના સીપીઆરઓએ જણાવ્યું હતું કે જ્યારે તે આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને દેશમાં ઘૂસ્યા હતા ત્યારે કેન્દ્રીય એજન્સીથી માહિતી મળતા STF ટીમે તેમની ધરપકડ કરી હતી. હાલ તેમને પૂછપરછ માટે ગુવાહાટી લઈ જવામાં આવ્યા છે. અને બંનેને NIAને સોંપવામાં આવશે.

.................

## *INDONESIA*

ઇન્ડોનેશિયાના સામાન્ય ચૂંટણી પંચે સત્તાવાર રીતે પ્રબોવો સુબિયાન્ટોને દેશના આગામી રાષ્ટ્રપતિ તરીકે જાહેર કર્યા છે.

આ સાથે કમિશને વર્તમાન પ્રમુખ જોકો વિડોડોના પુત્ર જિબ્રાન રાકાબુમિંગ રાકાને ઉપરાષ્ટ્રપતિ તરીકે પણ જાહેર કર્યા છે. ઉલ્લેખનીય છે કે 14મી ફેબ્રુઆરી, 2024એ રાષ્ટ્રપતિ પદ માટે મતદાન યોજાયું હતું.

.................